# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૪૩ તા. ૧૯-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ- ગણતંત્ર દિન-૨૦૧૭ની ઉજવણી નિમિત્તે શાળાઓમાં પેઇન્ટીગ/ડ્રોઈગ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ :- ક્રમાંકઃ પ્રાશિનિ/સંકલન/ફા-૧૨/૨૦૧૭/પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર તા.૧૮/૧/૨૦૧૭ નો પત્ર.**

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, આ સાથે સામેલ પ્રા.શિ.નિ./સંકલન/ફા-૧૨/૨૦૧૭ તા.૧૮/૧/૧૭ ના પત્ર મુજબ ગણતંત્ર દિન-૨૦૧૭ ની ઉજવણી નિમિત્તે શાળાઓમાં પેઇન્ટીગ/ડ્રોઈગ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રતિયોગીતા તા.૨૦ જાન્યુઆરી,૨૦૧૭ ના રોજ યોજવાની રહેશે અને શાળા દીઠ કેટેગરી-૧(ધો.૬થી૮) વિષયઃ ૧. સ્વચ્છ ભારત ૨. મારા સ્વપ્નની શાળા. શ્રેષ્ઠ ૧(એક) પેઇન્ટીગ સરક્યુલરની સુચના પ્રમાણે પ્રમાણિત કરી તા.૨૦/૧/૧૭ ના રોજ સાંજના ૪ વાગ્યા સુધી મુખ્ય ઓફિસ ખાતે હેડ ક્લાર્ક બ્રાંચમાં મોકલી આપવાની રહેશે. સ્પર્ધાની તમામ સુચનાઓનો અમલ શબ્દ સહઃ કરવું. આ સિવાય અન્ય પ્રતિયોગીતાની તારીખો તથા વિગતો સામેલ પત્ર મુજબ કરવાની રહેશે.

તા. ૧૯ -૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ગણતંત્ર દિન-૨૦૧૭ ની ઉજવણી
નિમિત્તે શાળાઓમાં પેઈન્ટીંગ / ડ્રોઈંગ
સ્પર્ધાનુ આયોજન કરવા બાબત.

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/ફા-૧૨/૨૦૧૭/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા.૧૮/૦૧/૨૦૧૭

**વંચાણે લીધા:-** ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના D.O.No.16-56/2016/UT-3 Date. 10/01/2017

**પરિપત્ર:-**

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના દ્વારા ગણતંત્ર દિવસ-૨૦૧૭ ની ઉજવણી નિમિત્તે રાજ્યની તમામ સરકારી, KVS, NVS, CBSE સહિતની શાળાઓમાં ધોરણ-૬ થી ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પેઈન્ટીંગ/ડ્રોઈંગ સ્પર્ધાનુ આયોજન કરવાનુ નક્કી કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

- પેઈન્ટીંગ/ડ્રોઈંગ સ્પર્ધાના વિષયો/થીમ નીચે પ્રમાણે છે.

| વિદ્યાર્થીની કેટેગરી | વિષય |
|---|---|
| કેટેગરી-૧ (ધોરણ-૬ થી ૮) | (૧) સ્વચ્છ ભારત (૨) મારા સ્વપ્નની શાળા |

- આ પેઈન્ટીંગ/ડ્રોઈંગ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ A-4 સાઈઝના પેપરનો ઉપયોગ કરવાનો રહેશે.
- વિદ્યાર્થીઓ ઓઈલ/પેસ્ટલ/વોટર કલર પોતાની પસંદગી મુજબ ઉપયોગ કરી શકશે.
- પેઈન્ટીંગ/ડ્રોઈંગ સ્પર્ધા માટેનુ ટાઈમ ટેબલ નીચે મુજબ છે.

| પ્રવૃત્તિની વિગતો | તારીખ |
|---|---|
| શાળાકક્ષાએ પ્રતિયોગિતાની તારીખ | ૨૦ જાન્યુઆરી ૨૦૧૭ |
| શાળાના વિજેતા વિદ્યાર્થીઓની શ્રેષ્ઠ પાંચ કૃતિઓ જિલ્લા કક્ષાએ મોકલવાની તારીખ | ૨૧ જાન્યુઆરી ૨૦૧૭ સાંજે ૫.૩૦ કલાક સુધી |
| જિલ્લા કક્ષાએથી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને શ્રેષ્ઠ ૨ કૃતિઓ મોકલવાની છેલ્લી તારીખ | ૨૩ જાન્યુઆરી ૨૦૧૭ બપોરે ૧૨.૦૦ કલાક સુધી |
| નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા ૨૦ શ્રેષ્ઠ કૃતિ શિક્ષણ વિભાગને મોકલવાની છેલ્લી તારીખ | ૨૪ જાન્યુઆરી ૨૦૧૭ બપોરે ૧૨.૦૦ કલાક સુધી |
| શિક્ષણ વિભાગ દ્વારા MHRD ની વેબસાઈટ www.mhrd.gov.in પર અપલોડ કરવાની તારીખ | તા.૨૪ જાન્યુઆરી ૨૦૧૭ |

- MHRD ની વેબસાઈટ પર અપલોડીંગ માટે ૨૦ એન્ટ્રી રાજ્યકક્ષાએથી પસંદ કરવાની અને અપલોડીંગ કરવાની હોવાથી આપના જિલ્લાની શ્રેષ્ઠ એક કૃતિ અસલમાં આ કચેરી ખાતે તા.૨૫/૦૧/૨૦૧૭ ના ૨.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા બાદ અથવા ઈ-મેઈલ દ્વારા મળેલ કૃતિ ધ્યાને લેવામાં આવશે નહી
- પ્રતિયોગિતામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલનુ "ઈ-સર્ટીફીકેટ" આપવામાં આવશે અને વિજેતાને "ઈ-સર્ટીફીકેટ ઓફ મેરીટ" એનાયત કરવામાં આવશે. તેમજ વિજેતાને કોઈ રોકડ ઈનામ આપવાના નથી.
- શાળાના આચાર્યએ પોતાની શાળાના વિદ્યાર્થીઓને પ્રતિયોગિતામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે જોવાનુ રહેશે.
- શાળાની શ્રેષ્ઠ કૃતિને આચાર્યના સહી/સિક્કા દ્વારા પ્રમાણિત કરવાની રહેશે. અને દરેક ચિત્ર પર વિદ્યાર્થી/વાલીનુ નામ, ધોરણ, સરનામુ અને સંપર્ક નંબર ફરજીયાતપણે દર્શાવવાનો રહેશે.
- કૃતિઓનુ મૂલ્યાંકન તેની મૌલિક અભિવ્યક્તિ, રજુઆત અને વિષયની સુસંગતતા તેમજ કૌશલ્ય પર થશે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

નકલ સવિનય રવાનાઃ-

પ્રતિ,

- અંગતસચિવશ્રી, અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર